અપીલ અરજી નં.૪૨૭ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧–૨–૧૦ ની અરજીથી બેગમપુરા દુધારાશેરીનાકે ઘર નં.૪/૩૭૩ વાળી મિલ્કતનું નવુ બાંધકામ સુરત મહાનગરપાલિકાના મંજુર કરેલ પ્લાન મુજબ છે? તે સ્થળ પર તપાસ કરી પુરેપુરી વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૭/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧–૨–૧૦ ની અરજીથી બેગમપુરા દુધારાશેરીનાકે ઘર નં.૪/૩૭૩ વાળી મિલ્કતનું નવુ બાંધકામ સુરત મહાનગરપાલિકાના મંજુર કરેલ પ્લાન મુજબ છે? તે સ્થળ પર તપાસ કરી પુરેપુરી વિગતની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૩ તા. ૧૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭ તા.૧–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૯૭ તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ તથા નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧–૨–૧૦ ની અરજીથી બેગમપુરા દુધારાશેરીના નાકે ઘર નં.૪/૩૭૩ વાળી મિલ્કતનું નવું બાંધકામ સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ પ્લાન મુજબ છે સ્થળ પર તપાસ કરી પૂરેપૂરી વિગતની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી ન મળતા અરજદારે તા.૨–૩–૧૦ ના રોજ સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૯૭ તા.૨૬–૨–૧૦ થી ૪/૩૭૩ વાળી મિલ્કતનું નવું બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબ છે કે નહીં તેની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ધ્યાને આવેલ નથી તેવો પ્રત્યુત્તર સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ છે. વધુમાં આપેલ પૂરક વિગતોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે પરંતુ સદર મિલ્કતે થયેલ બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબ છે કે નહીં તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. અરજદારે અપીલમાં સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવા જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેથી સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાનો અરજદારનો આગ્રહ કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારીત દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,